# ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ

## અમદાવાદમાં અમિત શાહ, રાજકોટમાં રૂપાણીએ શરૂઆત કરાવી : ગુજરાતભરમાં લોકોને ઘરે ઘરે જવા સાથે સંબંધિત ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન ૧૨મી સુધી ચાલશે : મોદીના સંદેશને જનજન સુધી પહોંચાડાશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી લેવાના ઈરાદા સાથે આજે ભાજપના ગુજરાત ગૌરવ મહાસંપર્ક જીતવાના મક્કમ ઈરાદા સાથે ભાજપ પ્રમુખ અમિત શાહે સવારે અમદાવાદના નારણપુરાથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો દેશનું નામ, સમગ્ર વિશ્વમાં ભારતની બોલબાલા સહિત મોદીના સંદેશા લોકો સુધી પહોંચાડવામાં કાર્યકરો હવે વ્યસ્ત થઈ ગયા છે. મોદીનો



અભિયાનની શરૂઆત થઈ હતી. ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજકોટ ખાતે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અમદાવાદમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની સવારે શરૂઆત કરવામાં આવી હતી. મહાસંપર્ક અભિયાની શરૂઆત વેળા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. મહાસંપર્ક અભિયાન વેળા લોકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અને સિદ્ધીઓ લોકો સુધી પહોંચાડવાની પ્રક્રિયા ચાલી રહી છે. હવે આ અભિયાન આગામી દિવસોમાં પણ જોરદાર રીતે આગળ વધનાર છે. ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠકો શુભારંભ કરાવ્યો હતો. આજે સવારે અભિયાનની શરૂઆત થયા બાદ ૧૨મી નવેમ્બર સુધી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન ચાલનાર છે જેમાં વડાપ્રધાનના સંદેશને જનજન સુધી પહોંચાડવાની પ્રક્રિયા શરૂ થઈ છે. રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ ઘરે ઘરે જઈને સંપર્ક કરી રહ્યા છે. ભાજપના સુશાસનની સિદ્ધિઓ પ્રજા વચ્ચે પહોંચાડી દેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજા કહી ચુક્યા છે કે ભાજપે ૨૦૧૭ની ચૂંટણીમાં જન જન સુધી શાસનની સિદ્ધિઓ પહોંચાડવા ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરી છે. મહાસંપર્ક અભિયાન દરમિયાન ગુજરાતના ગૌરવ, ગુજરાત અને જનતા જનાર્દનને ઉદ્દેશીને કરાયેલો સંદેશો પહોંચાડવા માટે આ મહા અભિયાનની શરૂઆત થઈ હતી. જાડેજાએ અભિયાનની વિગત આપતા કહ્યું હતું કે, ઘર ઘર ચલો અભિયાનના રાજયવ્યાપી કાર્યક્રમમાં રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ સમગ્ર રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં જોડાઈ રહ્યા છે. જનતાનું અભિવાદન કરી વિજય ભવના આશીર્વાદ મેળવવામાં આવી રહ્યા છે. પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ અમદાવાદમા રહ્યા હતા. મુખ્યમંત્રી રૂપાણીએ આજે સવારે મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ લોકોના આર્શિવાદ પણ મેળવ્યા હતા. અમિત શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રસંગે સંગઠનની ચૂટણી તૈયારી ચુસ્ત કરવાના હેતુસર શનિવારના દિવસે ગાંધીધામ, કચ્છ, મોરબી, સુરેન્દ્ર નગર, બાવનગર શહેર, જિલ્લા, બોટાદ, અમરેલી અને અમદાવાદમાં પાર્ટીના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ રવિવારના દિવસો વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, દાહોદ, સાંબરકાઠા, અને અરવલ્લીમાં કાર્યકરો, હોદ્દેદારોને પ્રચંડ જીત અપાવવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ. સોમવારના દિવસે બહાર રહ્યા બાદ અમિત શાહ ફરી ગુજરાતમાં




સક્રિય થઈ ગયા છે. આજે પ્રથમ દિવસે અમિત શાહ રાજકોટ શહેર જિલ્લા, સુરત મહાનગરમાં રહ્યા હતા. આવતીકાલે બીજા દિવસે જુનાગઢ શહેર જિલ્લા, પોરંબદર, ગિર સોમનાથ, ભરૂચ, નર્મદા, આણંદ, ખેડા, , મહીસાગર તેમજ ત્રીજા દિવસે ગુરૂવારના દિવસે સુરત જિલ્લા, તાપી, જામનગર શહેર, જામનગર જિલ્લા, દેવભૂમિ દ્વારકા, વડોદરા શહેર, છોટા ઉદયપુર, તેમજ વડોદરા જિલ્લામાં પાર્ટીના સંગઠનના હોદ્દેદારો, નેતાઓને ચૂંટણી જીતના સંબંધમાં માર્ગદર્શન આપનાર છે. અમિત શાહ ગુજરાત ચૂંટણીમાં ૧૫૦થી વધારે સીટ જીતવા માટેનો હેતુ ધરાવે છે.

ચૂંટણીને ધ્યાનમાં લઈને અમિત શાહ આક્રમક મુડમાં આવી ચુક્યા છે. ભાજપ અત્યારે જે પ્રકારે પાટીદાર આંદોલન, કોંગ્રેસ, દલિતો સહિતના પરિબળો સામે લડત આપી રહ્યું છે, તેને લઈ પાયાના અને સંનિષ્ઠ કાર્યકરોનો ઉત્સાહ ઓછો ના થાય કે તેઓમાં કોઈ નિરાશાનું વાતાવરણ અસર ના કરે તે હેતુથી ખુદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતમાં ધામા નાંખી ચુક્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા હવે ભાજપ અને કોંગ્રેસે તમામ ધ્યાન ચૂંટણી પર કેન્દ્રિત કરી દીધુ છે.

# રાજ્યમાં ૫૦૧૨૮ મતદાન બૂથોમાં દસ ટકા સ્ટાફ ઘટાડાશે

### ૬૦૦થી ઓછા મત ધરાવતા મતદાન મથકમાં સ્ટાફની કટૌતી કરવામાં આવશે

ગાંધીનગર,તા.૭

ગુજરાત સરકારના કર્મચારીઓ ચૂંટણીની કામગીરીથી ભાગી રહ્યા છે. ચૂંટણી આવતાની સાથે સરકાર દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓના નામની યાદી તૈયાર કરવામાં આવે છે. આ યાદીમાં કુલ જરિયાત ઉપરાંત ૨૫ ટકા વધારાનો સ્ટાફ રાખવાનો નિર્ણય લેવાયેલો પરંતુ ચૂંટણીની કામગીરી માથે આવતાની સાથે જ કર્મચારીઓ અધિકારીઓ પોતાના નામો કામગીરીમાંથી કઢાવવા રીતસર દૌડ લગાવે છે. આખરે કંટાળેલ ચૂંટણીપંચ દ્વારા માત્ર ૧૦થી ૧૫ ટકા સ્યાફ વધારાનો રાખવાનો નિર્ણય લીધો છે.

આ સ્ટાફની કટૌતીને પહોંચી વળવા ૬૦૦થી ઓછા મત ધરાવતા મતદાન મથકમાં સ્ટાફની કટૌતી કરવામાં આવશે. એક અધિકાર ઘટાડવામાં આવનાર છે આ મુદાને લઈને ગઈકાલે રાજ્યના ચૂંટણી કમિશનર બી.બી.સ્વૈન દ્વારા વાતચીત દરમિયાન જણાવેલ.

આ વખતે પ્રથમ વખત વિવિધ તાલિમ વિડીયો કોન્ફરશિંગથી આપવામાં આવે છે. ગઈકાલે બપોરે ૩ વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા સુધી આ અંગે તાલીમ આપવામાં આવી હતી.

# વડોદરાના કોંગ્રેસના બે પૂર્વ મેયરો અને પૂર્વ પ્રમુખ જનવિકલ્પમાં જોડાયા

ગાંધીનગર,તા.૭

વડોદરા શહેરના બે પૂર્વ મેયરો અને વડોદરા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જનવિકલ્પ પાર્ટીના કેપ્ટન શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં જનવિકલ્પ પાર્ટીમાં જોડાતાં વડોદરા કોંગ્રેસમાં ગાબડુ પાડ્યું હતું અને કોંગ્રેસને વડોદરામાં જોરદાર ફટકો પડ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ કહ્યું કે કોંગરેસની દાદાગીરીથી કંટાળીને પ્રજાની સરકાર બનાવવા માટે જનવિકલ્પ પાર્ટીની રચના કરનાર પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ વડોદરા શહેરની મુલાકાત લીધી ત્યારે વડોદરાના કોંગ્રેસના બે પૂર્વ મેયરો હેમચંદ્ર બોચરે અને ડૉ.રાજેન્દ્રસિંહ રાઠોડ તથા કોંગ્રેસના વડોદરા શહેરના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પટેલ વાઘેલાની હાજરીમાં જનવિકલ્પ પાર્ટીનો ખેસ પહેરીને બાપુની સાથે જોડાતા વડોદરા શહેરમાં ચૂંટણી વખતે જ કોંગ્રેસને જોરદાર ફટકો પડ્યો છે. કોંગ્રેસ છોડીને શંકરસિંહની સાથે જોડાયેલા વડોદરાના આગેવાનોએ વડોદરા શહેરમાં જનવિકલ્પ પાર્ટીને જીતાડવાની ખાતરી આપી હતી અને કોંગ્રેસની દાદાગીરી તથા આંતરિક જૂથબંધીથી કંટાળીને તેઓ કોંગ્રેસ છોડી રહ્યા હોવાનું જાહેર કર્યું હતું. આ પ્રસંગે શંકરસિંહ વડોદરામાં જનવિકલ્પ પાર્ટીનું મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન પણ કર્યુ છે.

મધ્ય ગુજરાતમાં જનવિકલ્પ પાર્ટીનો જનાધાર વધી રહ્યો હોવાનું અને વધુને વધુ કોંગ્રેસના તથા ભાજપના કાર્યકરો જનવિકલ્પ પાર્ટીની તરફ આવી રહ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. કોંગ્રેસ છોડીને જનવિકલ્પ પાર્ટીમાં જોડાયેલા વડોદરાના આગેવાનોએ પાર્ટીના ચૂંટણી ટ્રેક્ટરના જોરદાર પ્રચાર-પ્રસારનો પ્રારંભ પણ કર્યો હતો.

# વ્યક્તિપૂજા નહીં દેશપૂજા કરીશું તો આપણે દેશને વિશ્વગુરૂ બનાવી શકીશું, ભેદરેખાથી દુશ્મન વધશે

## મોદીએ સારૂં કામ કર્યું હોય તો કોંગ્રેસે સરાહના કરવી જોઇએ, માત્ર ટીકા નહી

ભારતમાં આજે જનતા બે ભાગમાં વહેંચાઈ ગઈ છે અને આ ભાગલા પાડનારા આપણા નેતાઓ જ છે. એક જૂથ મોદી વિરોધી છે અને બીજું જૂથ મોદી તરફી છે. આ વિરોધ ચરમસીમાએ પહોંચ્યો છે. પ્રત્યેક પોતાની દલીલોની તરફેણમાં ચુકાદા આપી રહ્યાં છે. એવું નથી કે આપણે લોકપ્રિય વ્યક્તિના ચાહક નથી પરંતુ અતિરેક હંમેશા નુકશાન કરાવે છે. આપણે સ્વિકારીએ કે નરેન્દ્ર મોદી સ્વચ્છ અને ૧૮ કલાક સુધી કામ કરતા નેતા છે. તે તેમનો પ્લસ પોઈન્ટ

### કોંગ્રેસે આત્મખોજ કરવાની જરૂર છે, બીજા નેતાઓને પણ આગળ કરવા જોઇએ

છે પરંતુ તેનાથી મોદીના મંદિર ન બનાવી શકાય. ખુદ મોદીએ જ મંદિર બનાવવાનો વિરોધ કર્યો હતો.

ભારતમાં લોકપ્રિય મહાનુભાવોમાં ગાંધીજી અને સરદાર પટેલનો પહેલો ક્રમ આવે છે પરંતુ આ બન્ને નેતાઓમાં હું-પણાંની ભાવના ન હતી. દેશમાં નહેરૂ પણ લોકપ્રિય હતા અને ઈન્દિરા ગાંધી પણ મશહૂર હતા. રાજીવ ગાંધીની પર્સનાલિટી લોકોને આકર્ષતી હતી તો નરેન્દ્ર મોદીના પણ ફેન છે. ફેન હોવું અને ભક્તિ કરવી એ બન્ને વચ્ચે ખૂબ મોટું અંતર છે. ગુજરાતમાં મોદીએ વિકાસના સારા કામો કર્યા છે તેથી તેમને પ્રસિદ્ધિ મળે તે જરૂરી છે. મોદીએ દેશ માટે સારા કામો કર્યા છે તે ચોક્કસ અભિનંદનને પાત્ર છે, પરંતુ તેમણે નોટબંધી અને જીએસટી જેવા બોલ્ડ નિર્ણય લીધા તે અત્યારે ટીકાને પાત્ર બન્યું છે. ગુજરાતમાં ભાજપને જે નુકશાન થશે તે આ બન્ને નિર્ણયોના કારણે થવાનું છે. જો ફાયદો થયો તો એમ સમજી લેવાનું કે ગુજરાતની જનતા મોદીના પડખે છે. સહન કરીને પણ મોદીને હજી મત આપે છે.




મુકેશ પાનશેરિયા નામના ઓબ્ઝર્વર સરસ લખે છે કે સિક્કાની બે બાજુ હોય છે. આટલું નાનકડું સત્ય પણ સ્વીકારવા લોકો તૈયાર નથી. આનું કારણ અતિરેક અને અતિશયોક્તિ છે. મોદીના વિરોધીઓને કોગ્રેસ તરફી માની લેવામાં આવે છે અને રાહુલ ગાંધીના વિરોધીઓને ભાજપ તરફી માની લેવામાં આવે છે. અહીં સવાલ એ થાય છે કે શું આ બે વ્યક્તિ એ જ પક્ષ છે. આ બે વ્યક્તિ પક્ષના હિસ્સા છે. આપણે અત્યારે વ્યક્તિપૂજામાં મસ્ત થઈ ઈતિહાસ જાણ્યા વગર લોલમલોલ ચલાવીએ છીએ. સત્ય, સબૂત, પ્રમાણભાન બધું જ ગુમાવી દીધું છે. જાણે ઘેટાંના બે જૂથ બની ગયા છીએ. એક જૂથ ૬૦ વર્ષનો અને બીજું જૂથ સાડા ત્રણ વર્ષનો હિસાબ માગે છે.

એક મોટી ઈમારત બનાવવાની હોય તો વર્ષો નિકળી જાય છે. નર્મદા યોજના બનાવી છે પરંતુ તેમાં વર્ષોના વર્ષ નિકળી ગયા છે. પાયાનો પથ્થર કોઈએ રોપ્યો અને ઉદઘાટન બીજું કોઈ કરે છે. આવું થાય તે સ્વાભાવિક છે પરંતુ પાયાના પથ્થરને પણ ભૂલવો ન જોઈએ. ગુજરાતમાં જો કોંગ્રેસની સરકાર આવે તો મોદીએ બનાવેલા મહાત્મા મંદિર અને સ્વર્ણિમ સંકુલ તોડી પાડશે..ના, કોંગ્રેસ એવું નહીં કરે પરંતુ તેમાં કોંગ્રેસ પણ કાર્યક્રમો કરશે. વિકાસની વ્યાખ્યા એક વર્ષ કે પાંચ વર્ષ પુરતી સિમિત નથી. વિકાસ એ નિરંતરની પ્રક્રિયા છે. કોણ કરે છે તે મહત્વનું છે.

કોંગ્રેસ ખરાબ નથી. તે વર્ષો જૂની પાર્ટી છે. આ પાર્ટીમાં ગાંધીજી અને સરદાર પટેલ જેવા વિરલાઓ પણ હતા, જો કે તેનો મતલબ એ નથી થતો કે ગાંધી પરિવારે કોંગ્રેસના મૂલ્યો અને સિદ્ધાંતોને જાળવ્યા છે. ગાંધી પરિવારનું દેશ માટે યોગદાન સ્વિકાર્ય છે પરંતુ શાસનના છેલ્લા પાંચ વર્ષમાં કોંગ્રેસે ભ્રષ્ટાચારમાં દાટ વાળ્યો છે અને તેનું પરિણામ આપણી સામે છે. કોંગ્રેસ અજેય છે પરંતુ વ્યક્તિ અજેય નથી. કોંગ્રેસના ચાલકો જો સારા ન હોય તો તેમને બદલવા પડે. ગાંધી પરિવાર કોંગ્રેસના સિદ્ધાંતો ભૂલી જાય તો તેમને ઉચ્ચ હોદ્દાઓ પર રહેવાનો કોઈ અર્થ નથી. કોંગ્રેસમાં બીજા પણ નેતાઓ છે કે જેમને સંગઠનના સૂત્રો સોંપી શકાય છે.

નહેરુ પરિવારના વંશવાદનો બચાવ થઈ શકે નહીં. તેની સામે ભાજપમાં એક માત્ર મોદીને બાદ કરો તો કેટલાય નેતાઓએ તેમના અનુગામી તરીકે તેના વંશને આગળ કરેલા છે. કોગ્રેસની પ્રતિષ્ઠા નેતાઓના પરિવારના ભ્રષ્ટાચારને કારણે ઝંખવાઈ છે, તેની સામે આનંદીબેનના અનાર પટેલના કાન્ડ અને જય શાહનો કિસ્સા રજૂ થયા છે. નરેન્દ્ર મોદીએ સર્જીકલ સ્ટ્રાઈક, દોકલામમાં બહાદુરી બતાવી તેની સામે ઈન્દિરાએ આખો બાંગ્લાદેશ છૂટો પાડી બતાવ્યો હતો. બન્ને પક્ષે દેશને આગળ લઈ જવાના કામો તો થયા છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. ભલે વિચારધારા અને સિદ્ધાંતો અલગ રહ્યાં, આજે કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને મુખ્ય પાર્ટીઓએ તેમના શરૂઆતના ભૂતકાળને ઢંઢોળવો પડશે, કેમ કે પહેલાં જેવા નેતાઓ હવે દેખાતા નથી. ભાજપમાં અટલ બિહારી વાજપેયીનો એક યુગ હતો. આજે નરેન્દ્ર મોદીનો જમાનો છે.

બન્ને પાર્ટીઓમાં વ્યક્તિપૂજા મહત્વની બની છે. કોંગ્રેસમાં સોનિયા અને રાહુલની પૂજા થાય છે તો ભાજપમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની પૂજા થાય છે. આપણી વ્યક્તિપૂજાના અવગુણને કારણે મુઘલ

### એક બીજાના શાસનનો હિસાબ માગવાથી ઝઘડા થશે, વિકાસના અવરોધ વધશે

અને અંગ્રેજ શાસકો આપણા પર રાજ કરી ગયા હતા. અમેરિકનોએ કદી રેગન, બુશ, ઓબામા, કલીન્ટનને મહાન નથી ગણ્યા. ત્યાંના પક્ષને લોકશાહીના સ્તંભ ગણી મતદાન કર્યા છે. આપણે લોકશાહી બચાવીએ, નહી કે વ્યક્તિશાહી. પાર્ટીની વિચારધારાને વરેલા મતદારો હોઈ શકે છે પરંતુ પાર્ટીના હિતમાં શું જરૂરી છે અને શું ખરાબ થઈ રહ્યું છે તે દેખાડવાનો પણ સમય આવી ગયો છે. રાજનિતીમાં નેતા નહીં પાર્ટી મહાન હોય છે. બન્ને પાર્ટીના સિનિયર લિડરોએ આ બાબત સમજવી જોઈએ.

વ્યક્તિપૂજા નહી દેશપૂજા થશે તો જ ગુજરાતમાં વિશ્વગુરૂ બની રહેશે. વ્યક્તિપૂજાથી દેશ બે હિસ્સામાં વહેંચાઈ જાય છે જેનો લાભ આપણા પાડોશી દુશ્મનો લઈ રહ્યાં છે. ભારતની સલામતીની બાબત આવે ત્યારે ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પાર્ટીના નેતાઓએ એકબનીને સામનો કરવો જોઈએ. જો આપણે અંદરોઅંદર ઝઘડા કરતા રહીશું તો સરહદે આપણી સુરક્ષા કરતા જવાનોનો હોસલો બુંલદ નહીં બની શકે પરંતુ જો વિદેશી આક્રમણ સામે આપણે એક બનીને કામ કરીશું તો કોઈ દુશ્મન દેશની તાકાત નથી કે આપણને કોઈપણ જંગમાં હરાવી શકે.

# મહેસાણા જિલ્લાની સાત બેઠકો માટે બન્ને પક્ષોમાં દોડધામ

મહેસાણા, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ચૂક્યો છે. ત્યારે મુખ્યત્વે બે રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા વિધાનસભાની જે તે બેઠકો પર ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ વખતની ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ માટે જાણે પ્રતિષ્ઠાનો જંગ બની રહે તેમ હોઈ બંને પક્ષોએ ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે.

દરમિયાન ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં વિધાનસભાની કુલ સાત બેઠકો, મહેસાણા, કડી (એસ.સી.) બેચરાજી, ઊંઝા, વિસનગર, ખેરાલુ અને વિજાપુર બેઠકો પર ચૂટણી લડવા માટે ભાજપ અને કોંગ્રેસ પક્ષમાં કેટલાયે દાવેદારોએ દાવેદારી નોંધાવી છે. ત્યારે કેટલીક બેઠકો પર આંતરિક ખેંચતાણ, ગમો અણગમો છતો થયો છે. મહેસાણા જિલ્લામાં જ્ઞાતિવાદનું મહત્વ રહ્યું છે. જિલ્લાની મહેસાણા, ઊંઝા, વિસનગર અને વિજાપુર વિધાનસભા સીટો પર પાટીદારની બહુમતી છે. એટલે આ બેઠકો પર ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિનું જોર રહેશે તેમ મનાય છે. હાલ ભાજપ અને કોંગ્રેસમાં સંભવિત ઉમેદવારોની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.

બીજુ આ વખતની ચૂંટણીમાં નવા સમીકરણો રચાશે તેવી શક્યતા જોવાય છે. વર્તમાન કેટલાક ધારાસભ્યોનું પત્તુ કપાય તેમ છે. ભાજપ આ વખતની ચૂંટણીમાં નવોદિત યુવા ચહેરો તેમજ મહિલાઓને પ્રાધાન્ય આપશે તેમ મનાય છે. જિલ્લાની ઊંઝા વિધાનસભા બેઠક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના ગણાતા સુરત કલેક્ટર અને ઊંઝાના વતની એવા મહેન્દ્ર એસ. પટેલના નામની જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. ત્યારે આ બેઠક પર દાવેદારી કરનારા ભાજપના વર્તમાન ધારાસભ્ય સહિત એક ડઝનથી વધુ દાવેદારોએ ભાજપ હાઈકમાન્ડ સમક્ષ વિરોધ દર્શાવી બળાપો વ્યક્ત કર્યો હોવાનું ચર્ચાય છે. સનદી અધિકારીની સંભવિત પસંદગીને લઈને આંતરિક નારાજગી થઈ છે. જો કે ઊંઝા તાલુકાના ઊંઝા વિધાનસભા સીટમાં સમાવિષ્ટ ગામો પૈકી મોટાભાગના ગામોના બુદ્ધિજીવી વર્ગના મતદારો સનદી અધિકારીની ઉમેદવાર તરીકે પસંદગી થાય તેવું ઈચ્છી રહ્યા છે. આ ઉપરાંત અન્ય બેઠકો પર પણ ફેરફાર થવાની સંભાવનાએ દાવેદારોએ એડી ચોટીનું જોર લગાવ્યું છે.

ભાજપે ૧૫૦ બેઠકોના મિશનને લઈને જિલ્લાની સાત બેઠકો પર ચૂંટણી જીતવા મરણીયા પ્રયાસો હાથ ધર્યા છે. જિલ્લાની મહેસાણા બેઠક પર વર્તમાન ભાજપના ધારાસભ્ય અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની પસંદગી નિશ્ચિત મનાય છે. ત્યારે જિલ્લાના સહકારી અગ્રણીઓને મળીને તેઓના સહકાર થકી મતદારોને સમજાવવાની કવાયત થઈ રહી છે.

# ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા માટે કપરા ચઢાણ

ગુજરાતના રાજકારણમાં કેટલી માન્યતા ચાલે છે, જેમાં જે ધારાસભ્ય ગૃહ રાજય મંત્રી થાય છે તે ફરી કયારેય ચૂંટણી જીતતા નથી. આ માન્ય માત્ર હાલના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાને લાગુ પડે છે તેવું નથી પણ કોંગ્રેસના કાળથી આ માન્યતા ચાલતી આવી છે. ગૃહમંત્રી થયા પછી પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવતી કડક સલામતીની કોઈ પણ નેતાને મઝા પડે છે પણ તે નેતા ગૃહમંત્રી થયા બાદ તેઓ નવી ચૂંટણી હારી જાય છે. ગૃહમંત્રી બીજી ચૂંટણી જીતી શકતા નથી આ પરંપરા કોંગ્રેસના પ્રબોધ રાવળથી શરૂ થઈ હતી, પ્રબોધ રાવળ ૧૯૮૫ની સરકારમાં ગૃહમંત્રી થયા અને ત્યાર બાદ તેઓ ૧૯૯૦ની ચૂંટણીમાં હારી ગયા હતા, ત્યાર બાદ ગૃહમંત્રી રહેલા નરેશ રાવળ, પ્રબોધકાંત પંડયા, મહેન્દ્ર ત્રિવેદી, વિપુલ ચૌધરી, ગોરધન ઝડફિયા અને પ્રફુલ પટેલ ચૂંટણી હારી ગયા હતા, જ્યારે કેશુભાઈ પટેલ સરકારમાં



ગૃહમંત્રી રહેલા હરેન પંડયાને ૨૦૦૨ની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ ટીકીટ આપી જ ન્હોતી. આ ઉપરાંત આનંદીબહેન પટેલની સરકારમાં ગૃહમંત્રી રહેલા રજની પટેલને વિજય રૂપાણીએ પોતાની સરકારમાં પડતા મુકયા હતા, હવે તેમને ટીકીટ મળશે કે નહીં તે કહેવું પણ મુશ્કેલ છે. ગૃહમંત્રી રહ્યા પછી બીજી ચૂંટણીમાં જીત્યા હોય તેમાં અમિત શાહ એક માત્ર અપવાદ છે. ૨૦૦૨ની ચૂંટણી બાદ અમિત શાહ ગૃહરાજય મંત્રી રહ્યા હતા, ત્યાર બાદ ૨૦૦૭ની ચૂંટણી પણ તેઓ જીત્યા અને ગૃહ વિભાગ તેમની પાસે જ રહ્યો પણ ૨૦૧૦માં શૌહરાબઉદ્દીન કેસમાં તેમની ધરપકડ થઈ હતી. આમ ગુજરાતના ગૃહમંત્રીની હત્યા કેસમાં ધરપકડ થઈ હોય તેવો પણ આ પહેલો બનાવ હતો. હવે વિજય રૂપાણીની સરકારમાં ગૃહમંત્રી થયેલા પ્રદિપસિંહ જાડેજાનો સમય આવ્યો છે. જાડેજાને ટીકીટ મળશે તે નક્કી જ છે પણ ગૃહમંત્રી હારી જાય છે તે માન્યતા તેમના કિસ્સામાં સાચી પડે છે કે નહીં તે ૧૮ ડીસેમ્બરના રોજ ખબર પડશે.

# કોંગ્રેસના નેતાઓને વ્યકિત નહિ પક્ષના કાર્યક્રમની જ વાત કરવા રાહુલની સલાહ

ગુજરાતના પ્રચારમાં અગાઉ અનેક ચૂંટણીમાં આવી ચુકેલા રાહુલ ગાંધી હાલના પ્રચારમાં ખુબ અલગ વ્યવહાર કરી રહ્યા છે. ગુજરાત આવતા પહેલા તેઓ ગુજરાતના પ્રશ્નોને સમજે છે અને જોખીતોલી બોલે છે, તાજેતરમાં રાહુલ ગાંધીની ઓફિસ દ્વારા ગુજરાત કોંગ્રેસના નેતાઓને એક સલાહ આપવામાં આવી છે, જેમાં તાકીદ કરવામાં આવી છે કે કોંગ્રેસના કોઈ પણ નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અપમાન થાય તેવી ભાષાનો પ્રયોગ કરશે



નહીં. રાહુલ ગાંધીની ઓફિસ દ્વારા ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતને પાઠવવામાં આવેલા સંદેશમાં જણાવવામાં આવ્યું કે ગુજરાત કોંગ્રેસને નેતાઓ પ્રચાર વખતે ભાષા ઉપર કાબુ રાખે, કોઈ પણ નેતાનું અપમાન થાય તેવી ભાષાનો પ્રયોગ કરે નહીં, અને નરેન્દ્ર મોદી ઉપર કોઈ પણ પ્રકારના વ્યકિગત આરોપ મુકવા નહીં, વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીનું નામ જળવાય તેનું ધ્યાન રાખવું.

અત્રે ઉલ્લેખનિય છે કે ૨૦૦૭ની ચૂંટણીમાં સોનીયા ગાંધીએ નરેન્દ્ર મોદીને મોતના સોદાગર કહ્યા હતા, જેના ખુબ ખોટા પ્રત્યાઘાત પડયા હતા, જેના કારણે રાહુલ ગાંધીએ તાકીદ કરી છે કે એવા કોઈ ઉચ્ચારણો કોંગ્રેસ દ્વારા થાય નહીં, જેનો ભાજપ ફાયદો લઈ જાય નહીં.